**તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૬૪ ટકા


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૭૧ | ૩૧ ઓગસ્ટ, ૨૦૧૫, સોમવાર ; શ્રાવણ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

● મોદીની ભાગલપુર પરિવર્તન રેલીમાં મોટા હુમલાનો ખતરો

● સમ્માનને ઠેસ પહોંચાડનાર હવે સ્વાભિમાન રેલી કરે છે – સુશીલકુમારનો નીતિશ પર આક્ષેપ

● મોદીના લીધે મોંઘવારીમાં તીવ્ર વધારો થયો છે : સોનિયા ગાંધી

● સોનાના ભાવ ઘટ્યા, ડુંગળી, દાળના ભાવ વધ્યા છે : લાલૂ

● હવે પેમેન્ટ બેંક ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરો માટે ઉપયોગી રહેશે

● કેસલેસ પેમેન્ટ પર ફી માફી, ટેક્સ લાભ થશે - ગ્રાહકો અને વેપારીઓને જંગી રાહત મળશે

● સીસીટીવી કેમેરા સાથે નવા એસી કોચ ટ્રેનોમાં ગોઠવાશે

● કોલંબો ટેસ્ટ-ત્રીજા દિવસે ૨૪૨ રનમાં જ ૧૫ વિકેટ

● યુએસ ઓપન ચેમ્પિયનશીપ આજથી શરૂ

# જમીન અધિગ્રહણ બિલ પરત ખેંચાયું

**મન કી બાત કાર્યક્રમમાં મોદીએ મોટી જાહેરાત કરી : જુના કાયદામાં જ ૧૩ મુદ્દાઓને ફરી લાગૂ કરાશે : ખેડૂતોને કોઇ નુકસાન ન થાય તેનો મુખ્ય ઉદ્દેશ્ય : ભારે વિરોધ વંટોળ, ખેડૂતોની દહેશતને ધ્યાનમાં લઈને નિર્ણય : મોદી**



નવીદિલ્હી,તા. ૩૦

જમીન અધિગ્રહણ બિલ પસાર કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરી ચુકેલી મોદી સરકારે હવે તેને પરત લઈ લેવાનો નિર્ણય કર્યો છે. ભારે વિરોધ અને હોબાળો થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર હવે ઝુંકી ગઈ છે. જમીન બિલ આવતીકાલે લેફ્ટ થઈ જશે. મોદીએ મનકી બાત કાર્યક્રમમાં મોટી જાહેરાત કરતા કહ્યું હતું કે, અમે જમીન અધિગ્રહણ બિલને પરત લઈ રહ્યા છે. વડાપ્રધાને કબૂલાત કરી હતી કે, તેના વિરોધને ધ્યાનમાં લઈને સરકારે આ નિર્ણય કર્યો છે.

કેન્દ્ર સરકારે સુધારેલા ભૂમિ અધિગ્રહણ બિલને લઈને ચાર વખત વટહુકમ જારી કર્યા હતા પરંતુ મોદી સરકાર સંસદમાંથી બિલને મંજુર કરાવી શકી ન હતી. જમીન અધિગ્રહણ વટહુકમ આવતીકાલે સોમવારના દિવસે લેફ્ટ થઈ જશે. જેને સરકાર બીજી વખત લાગૂ કરશે નહીં. મોદીએ કહ્યું હતું કે, અમે આ વટહુકમને પરત લઈ રહ્યા છીએ.

● અનુસંધાન પાન-૭ પર

# પેટ્રોલ-ડિઝલમાં પ્રતિલીટર ત્રણ રૂપિયા સુધી ઘટાડાની સંભાવના

**આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલનો ભાવ ૪૪.૨૮ ડોલર પ્રતિ બેરલની નીચી સપાટીએ**

નવીદિલ્હી,તા. ૩૦

ઈરાન પર લદાયેલા પ્રતિબંધને હટાવ્યા બાદ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લા બે સપ્તાહ દરમિયાન આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડના ભાવમાં નોંધાયેલ જંગી ઘટાડાના કારણે તેનો લાભ હવે પેટ્રોલ ડીઝલના ભાવ ઘટાડાના રુપમાં લોકોને મળે તેવી પ્રબળ શક્યતા છે.પહેલી સપ્ટેમ્બરે ઓઈલ કંપનીઓની સમીક્ષા બેઠક યોજાવવાની છે. ત્યારે આ બેઠકમાં પેટ્રોલ ડીઝલના ભાવમાં પ્રતિલીટર ૧થી ત્રણ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવે તેવી અટકળો તેજ બની છે. આ અગાઉ ૧૫મી ઓગસ્ટના રોજ ઓઈલ કંપનીઓની સમીક્ષા બેઠક મળી હતી.

# શ્વેતાંગની અંતિમ યાત્રામાં હજારો નાગરિકો જોડાયા

**બહેને અંતિમ સંસ્કારની વિધિ નિભાવી : શ્વેતાંગની માતાએ અંતિમ યાત્રાને કાંધ આપી : ગોરધન ઝડફિયા સહિતના આગેવાનો પણ અંતિમયાત્રામાં હાજર**

અમદાવાદ, તા. ૩૦

અમદાવાદમાં ૨૫મી ઓગસ્ટના રોજ થયેલા પાટીદાર અનામત આંદોલનના સંદર્ભે થેયલા તોફાનો બાદ પોલીસ કસ્ટડીમાં મૃત્યુ પામેલા શ્વેતાંગ પટેલની આજે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે સવારે અંતિમયાત્રા નીકળી હતી. આ અંતિમયાત્રામાં ધારાસભ્ય વલ્લભ કાકડિયા, પૂર્વ મંત્રી ગોરધન ઝડફિયા, એએમટીએસના ચેરમેન બાબુ ઝડફિયા, સ્થાનિક કોર્પોરેટર સહિત હજારોની સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. તમામ લોકોની આંખોમાં આંસુઓ હતા અને ચહેરા ઉપર પોલીસની કાર્યવાહી સામે નારાજગી

● અનુસંધાન પાન-૭ પર



## હજીરા નજીક દરિયામાં બાર ડૂબ્યા : ૬ બચાવાયા

અમદાવાદ, તા. ૩૦

હજીરા નજીક આવેલા સુંવાલીના દરિયા કિનારે ફરવા ગયેલા ત્રણ પરિવાર બાળકો સાથે ગયા હતા જેમાં દરિયાના પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. આ બનાવમાં ચાર બાળકો અનએ બે પુરુષોને બચાવી લેવામાં આવ્યા હતા અને એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે હજુ એક જ પરિવારના પાંચ સભ્યો લાપતા હતા. આ ઘટનાની જાણ ફાયર બ્રિગેડ અને પોલીસને કરતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને ઓપરેશન રેસ્ક્યુ હાથ ધરી શોધખોળ શરૂ કરી હતી.


|| જય જલારામ બાપા ||

**હાર્દિક અભિનંદન**



**શ્રી જીતુભાઈ સેજાણી**
(પ્રમુખશ્રી, જલારામ સેવા સમાજ, ગાંધીનગર)

શ્રી જીતુભાઈ સેજાણી (મંત્રીશ્રી, શહેર ભાજપ)ની શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખ તરીકે થયેલ વરણી બદલ હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. આપશ્રી ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહો તેવી જલારામ બાપાને પ્રાર્થના..

લિ.

શ્રી આશીષભાઈ દવે (ચેરમેનશ્રી, ગુડા, ગાંધીનગર)
શ્રી મુકેશભાઈ જાની (મહામંત્રી, શહેર ભાજપ)
શ્રી નરેશભાઈ પરમાર (મંત્રીશ્રી, શહેર ભાજપ)
શ્રી ભરતભાઈ ઠક્કર (મંત્રીશ્રી, ભાજપ યુવા મોરચો)
શ્રી સચીનભાઈ ઠક્કર (સંગઠન મંત્રી, લોહાણા યુવા સંગઠન)
શ્રી જીગ્નેશભાઈ મજીઠીયા (સહ કન્વીનર, મીડીયા સેલ-ભાજપ)
શ્રી મયુરભાઈ પુજારા (ઉપપ્રમુખ, લોહાણા યુવા સંગઠન)
શ્રી સંજયભાઈ ખખ્ખર (પ્રમુખશ્રી, વિધાનસભા કર્મચારી યુનિયન)
શ્રી સંજયભાઈ સંઘાણી (ઉપપ્રમુખ, અખિલ ગુજરાત લોહાણા સંગઠન, ગાંધીનગર)
શ્રી રમેશભાઈ ગઢ્ઢા (અગ્રણી, પારકર સમાજ, ગાંધીનગર)

પાટનગરનું પોતાનું અખબાર

# જો જો ચૂકી ન જતા !

ગાંધીનગર સમાચાર નું

લવાજમ ભરવાનો - અઢળક લાભો મેળવવાનો

છેલ્લો દિવસ તા. ૩૧ ઓગસ્ટ

વાર્ષિક લવાજમ યોજના
ગાંધીનગરની ટોપ ૧૨૫ બ્રાન્ડસની ૫૦૦ જેટલી ગિફ્ટ ડિસ્કાઉન્ટ કૂપન મેળવો




લાખોના ૧૦૧ ઈનામો
તા. ૩૧ ઓગસ્ટ સુધીમાં નોંધાયેલા ગ્રાહકો માટે વિશેષ ઈનામી ડ્રો

તમામ અખબાર વિતરકો, સંસ્થા પ્રતિનિધિઓ અને શુભેચ્છકોને ગ્રાહકોના નામ-સરનામા, લવાજમ નોંધણી બૂક તાકીદે કાર્યાલય પહોંચાડવા અનુરોધ છે તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૧૫ થી આપનું પોતાનું અખબાર આપના સુધી નિયમીત પહોંચશે.

વાર્ષિક લવાજમ ભરવા માટે આજે જ સંપર્ક કરો
684/1, સેક્ટર-8, ગાંધીનગર-382008.
ફોન : (079) 23222571, 23237571